# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-09-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# FOREST SOIL HEALTH CARD

વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ આજે ગાંધીનગરથી 28 પ્રદેશ વિભાગમાં ફૉરેસ્ટ સૉઇલ હેલ્થકાર્ડનું વિમોચન કર્યું. ગાંધીનગરથી તેનું વિમોચન કરતા શ્રી બેરાએ આ કાર્ડ રાજ્યના વન વિકાસ માટે મહત્વની ભૂમિકા ભજવશે તેમ જણાવતા કહ્યું, આ માટે રાજ્યના વિવિધ 444 સ્થાન પરથી ત્રણ અલગ અલગ ઊંડાઈએથી એક હજાર 215 જેટલા માટીના નમૂના એકઠા કરી તેનું પૃથક્કરણ કરાયું છે. તેના માધ્યમથી આગામી સમયમાં રાજ્યમાં વનના વધુ વિકાસ માટે ઇચ્છીત પરિણામ મેળવી શકાશે.

વન વિભાગ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમીઓ દ્વારા કરાતા વૃક્ષારોપણ બાદ તેમાંથી 80થી 90 ટકા વૃક્ષ જીવંત રાખવા એ આપણી સૌની જવાબદારી હોવાનું પણ શ્રી બેરાએ ઉમેર્યું. ઉલ્લેખનીય છે કે , રાજસ્થાનના જોધપુરમાં સ્થિત I.C.F.R.I. શુષ્ક વન અનુસંધાન સંસ્થાનના ઉપક્રમે વનમૃદા આરોગ્ય પત્ર – આ હેલ્થ કાર્ડનું વિમોચન કરાયું. કેન્દ્રીય પરિયોજના અંતર્ગત ગુજરાત, રાજસ્થાન તથા દાદરા અને નગરહવેલીમાં હેલ્થ કાર્ડ આપવાની કામગીરી પૂર્ણ થઈ છે.

. . . . .

# SWACHCHHATA HI SEVA

સ્વચ્છતા હી સેવા પખવાડિયા હેઠળ રાજ્યભરમાં સફાઈ કામગીરી ચાલી રહી છે. ત્યારે મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયા આજે ગાંધીનગરમાં સ્વચ્છતા અભિયાનમાં જોડાયાં હતાં. તેમણે ગાંધીનગર મહાપાલિકા દ્વારા આયોજિત સ્વચ્છતા યાત્રાનું પણ પ્રસ્થાન કરાવ્યું.

તો, પાટણ જિલ્લાના પ્રભારી મંત્રી જગદીશ વિશ્વકર્માએ આજે જિલ્લા રમતગમત સંકુલ ખાતે સફાઈ કરી લોકોને સ્વચ્છતાનો સંદેશ આપ્યો. તેમણે સ્વચ્છ ભારત અભિયાનમાં જોડાઈને દેશને સ્વચ્છ અને મજબૂત કરવા આહ્વાન કર્યું.

બનાસકાંઠાના રૂપપૂરા ગામમાં ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલે સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ શ્રમદાન કર્યું. તેમણે સ્વચ્છતાને સાચી ભક્તિ અને સંસ્કૃતિનો અભિન્ન ભાગ ગણાવતા પોતાના ઘર, શેરી અને ગામને સ્વચ્છ રાખવાની જવાબદારી આપણા સૌની હોવાનું જણાવ્યું.

છોટાઉદેપુર જિલ્લામાં સ્વચ્છોત્સવ કાર્યક્રમ હેઠળ સામૂહિક શૌચાલયની સફાઈ હાથ ધરાઈ.

. . . .

# BHAVNAGAR VIKAS KARYO

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાના અનુદાનમાંથી ભાવનગરના ભંડારિયા ગામમાં 20 લાખ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ કરાયું. સુશ્રી બાંભણિયાએ સંસદસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના અને વિવિધ વિકાસલક્ષી યોજનાઓ હેઠળ જિલ્લાને એમ્બુલેન્સ સહિતની સુવિધાઓની ભેટ મળી છે.

આ એમ્બુલેન્સથી આસપાસના વિસ્તારમાં ઝડપથી આરોગ્ય સુવિધા પૂરી પાડી શકાશે એમ સુશ્રી બાંભણિયાએ જણાવ્યું.

. . . . .

# CHALO JEETE HAI REVIEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત ફિલ્મ “ચલો જીતે હૈ” રાજ્યભરના સિનેમાગૃહમાં પ્રદર્શિત કરવામાં આવી રહી છે. શ્રી મોદીના જીવનની બાળપણની ઘટનાઓથી પ્રેરિત આ ફિલ્મની દર્શકો પ્રશંસા કરી રહ્યા છે. વડોદરાનાં એક દર્શકે ફિલ્મ અંગે પ્રતિભાવ આપ્યો.

**(BYTE: VIEWER)**

. . . . .

# SWASTHA NARI SASHAKTA PARIVAR

સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન હેઠળ તાપીમાં વિવિધ સ્થળ પર આરોગ્ય શિબિર યોજાઈ રહી છે. વ્યારાના આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયેલી શિબિરમાં મહિલાઓ અને બાળકોને આરોગ્ય અંગે માર્ગદર્શન અપાયું. સાથે જ તેમની તપાસ કરીને રસીકરણ પણ કરવામાં આવી રહ્યું છે તેમ વ્યારા આરોગ્ય કેન્દ્રના આરોગ્ય અધિકારી ડૉક્ટર દિવ્યેશ ચૌધરીએ જણાવ્યું.

**(BYTE: DR. DIVYESH CHAUDHARI,**

**MEDICAL OFFICER, VYARA HEALTH CENTRE)**

. . . . . .

# KACHCHH BHUKAMP

રાજ્યમાં ગઈકાલે મોડી રાત્રે કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં ભૂકંપના આંચકાઓ અનુભવાયા. કચ્છ જિલ્લામાં મોડી રાત્રે એક વાગ્યેને 46 મિનિટે આવેલા ભૂકંપનું કેન્દ્ર બિંદુ ખાવડાથી 31 કિલોમીટર દૂર નોંધાયું હતું. રેક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ત્રણ પૂર્ણાંક ત્રણની માપવામાં આવી છે.

ત્યારબાદ રાત્રે બે વાગ્યેને છ મિનિટે દક્ષિણ ગુજરાતમાં ભૂકંપના આંચકાઓ અનુભવાયા. તેનું કેન્દ્ર બિંદુ વાંસદાથી 10 કિલોમીટર દૂર નોંધાયું હતું. જ્યારે રેક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા એક પૂર્ણાંક સાત માપવામાં આવી છે તેમ ગાંધીનગરના ભૂકંપવિજ્ઞાન કેન્દ્ર દ્વારા જણાવાયું છે.

. . . . . . . .

# NAVRATRI 4TH DAY

ભક્તિ અને આરાધનાના પાવન પર્વ નવલા નોરતાના ચોથા દિવસે આજે માઁ દુર્ગાના ચોથા કુષ્માંડા સ્વરૂપની પૂજા અર્ચના કરાય છે. રાજ્યભરના ધાર્મિક સ્થળો પર મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવી રહ્યા છે. તમામ જગ્યાએ ગરબે ઝૂમી ભક્તો માતાજીની આરાધાનામાં મગ્ન બન્યા છે.

દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદનાં નગરદેવી
શ્રી ભદ્રકાળી મંદિરમાં દર્શન કર્યા.

. . . . . . . . . .

# IMP ANNOUNCEMENT

## એક અગત્યની જાહેરાત

આકાશવાણી અમદાવાદનાં પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા પ્રસ્તુત ‘સેવા પર્વ’ શ્રેણીના પાંચ-મા અંકમાં આજે સાંભળશો ‘વિકાસ ભી અને વિરાસત ભી ’ અંતર્ગત ગુજરાતના પ્રવાસન વિકાસ અંગે ચર્ચા. આ ચર્ચામાં ભાગ લઈ રહ્યા છે, રાજ્યના પ્રવાસન વિભાગના સચિવ ડૉક્ટર રાજેન્દ્ર કુમાર અને આકાશવાણી અમદાવાદનાં સંવાદદાતા અપર્ણા ખુંટ . આજે બપોરે બે વાગ્યાને 40 મિનિટે આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

તો સાંભળવાનું ચૂકશો નહીં, બે વાગ્યાને 40 મિનિટે ગુજરાત પ્રવાસન વિકાસ અંગે વિશેષ ચર્ચા.

. . . . . . . . . . . . .